# પ્રકરણ કસોટીની જવાબવહી

## 1. રેલવે સ્ટેશન

---

**પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. [ 8 ]**

**(1) રેલવે સ્ટેશન પર કયા કયા સ્ટૉલ જોવા મળે છે ?**

ઉત્તર : રેલવે સ્ટેશન પર બુક સ્ટૉલ, ટી સ્ટૉલ, નાસ્તાનો સ્ટૉલ, ટૉય સ્ટૉલ વગેરેનાં સ્ટૉલ જોવા મળે છે.

**(2) જાહેરસ્થળોની સ્વચ્છતા જાળવવા માટે શું કરવું જોઈએ ?**

ઉત્તર : જાહેરસ્થળોની સ્વચ્છતા જાળવવા માટે અમે આટલું કરીશું.

- ગમે ત્યાં ગંદકી કરશું નહીં, કરવા દેશું નહીં.
- કચરો નાંખવા માટે કચરાપેટીનો જ ઉપયોગ કરીશું.
- નાસ્તાપાણીનાં પડીકાં કે એઠવાડ યોગ્ય જગ્યાએ નાંખીશું.
- પાણીનો સમુચિત ઉપયોગ કરીશું.

**(3) રેલવે સ્ટેશન પર કયા કયા ફેરિયાઓ જોવા મળે છે?**

ઉત્તર : રેલવે સ્ટેશન પર છાપાવાળો, સીંગચણાવાળો, ચાવાળો, ઠંડાપીણાવાળો વગેરે ફેરિયાઓ જોવા મળે છે.

**(4) રેલવે સ્ટેશન પર કઈ કઈ સૂચનાઓ લખેલી હોય છે ?**

ઉત્તર : રેલવે સ્ટેશન પર નીચે મુજબની સૂચનાઓ લખેલી હોય છે :

- શાંતિ જાળવો.
- સ્વચ્છતા જાળવો.
- બહાર જવાનો રસ્તો.
- ધૂમ્રપાન નિષેધ.
- ખિસ્સાકાતરુથી સાવધાન
- થૂંકશો નહી.

**પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો. [ 4 ]**

**(1)** સિગનલ - સિગ્નલ

**(2)** ટીકીટ - ટિકિટ

**(3)** રિઝર્વેસન - રિઝર્વેશન

**(4)** ટોઈલેટ - ટૉયલેટ

**વિષય : ગુજરાતી** **ધોરણ : 6** **સત્ર : 1**

# પ્રકરણ કસોટીની જવાબવહી

## 1. રેલવે સ્ટેશન

---

**પ્રશ્ન-3. 'રેલવે સ્ટેશન' વિશે પાંચસાત વાક્યો લખો.** **[ 4 ]**

- રેલવે સ્ટેશન પર દુકાનો હોય છે.
- રેલવે સ્ટેશન પર કુલી જોવા મળે છે.
- રેલવે સ્ટેશન પર ફળવાળા હોય છે.
- રેલવે સ્ટેશન પર મુસાફરો જોવા મળે છે.
- રેલવેમાં મુસાફરી કરવાની મજા આવે છે.

**પ્રશ્ન-4. અહીં રેલવે સ્ટેશન પર જોવા મળતી અને ન જોવા મળતી વસ્તુઓની યાદી આપેલ છે, આમાંથી ન જોવા મળતી વસ્તુઓ ઉપર × કરો.** **[ 4 ]**

| | | | |
|---|---|---|---|
| કુલી | ક્રિકેટર × | શાકવાળો × | હોટલ |
| બુક સ્ટૉલ | સાડી સ્ટૉલ × | સોનીની દુકાન × | સુથાર × |
| સ્વચ્છતાવાળો | જેસીબી મશીન × | રેલ ડબો | |